| GJDH100004032026 | રજૂ તારીખ | : ૦૮/૦૫/૨૦૨૬ |
|---|---|---|
| | દાખલ તારીખ | : ૦૮/૦૫/૨૦૨૬ |
| | ફેસલ તારીખ | : ૨૦/૦૬/૨૦૨૬ |
| | અવધિ | : વર્ષ ૦૦ માસ ૦૧ દિવસ ૧૨ |

**સંજેલીના મહે.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ,મું. સંજેલી**

**ફોજદારી કેસ નં.૩૫૭/૨૦૨૬**

**આંક :-**

**શ્રી સરકાર** **... ફરિયાદી**

**:: વિરુધ્ધ ::**

**આરોપી :-** **શારદાબેન વા/ઓ રામસીંગભાઇ લાલાભાઇ તાવીયાડ**
**રહે.નારીચાની મુવાડી, ભીંત ફળીયું,**
**તા.સંજેલી જી.દાહોદ**

**ગુન્હો :-** **ધી. ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ) મુજબ**

---

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એ.બી.તડવી**
**બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી.ડી.એમ.રાવત**

---

**-:: ઠ રા વ ::-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૧/૦૯/૨૦૨૫ ના રોજ કલાક : ૧૭-૧૫ વાગે મોજે નારીચાની મુવાડી ગામે આ કામના આરોપીએ પ્રોહિ પ્રતિબંધક એરીયામાં વગર વાસ પરમીટે ગેરકાયદેસર રીતે પોતાના ઘરે દેશી દારુ લી.૦૨ કિ.રૂ.૪૦૦/-નો રાખી પોલીસ રેડ દરમીયાન ઘરે હાજર નહી મળી આવી, ગુનો કરેલ છે.

(૨) આ કામના ફરીયાદીએ ઉપરોકત બનાવ સંબંધે સંજેલી પોલીસ મથકે ફરીયાદ આપતાં, પોલીસે સંજેલી પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૮૨૧૦૦૨૨૫૧૦૮૯/૨૦૨૫ થી ગુન્હો રજીસ્ટર કરી તપાસના અંતે હાલના આરોપી વિરુધ્ધ પ્રોહી એકટની કલમ : ૬૫(એ)(એ) મુજબના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૩) આરોપીને નામદાર કોર્ટ ધ્વારા સર્મસ કરવામાં આવેલ. જે આરોપીને ધારાસર બજતાં, તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલા. ત્યાર બાદ આરોપીનું આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી તેનું આંક–૦૫ નિવેદન નોંપલ છે. જેમાં તેઓએ ગુના સબબનો ઈન્કાર કરેલો, જેથી સદર કામ ફરિયાદપક્ષના પુરાવાના તબકકે રાખવામાં આવેલું. ત્યારબાદ પુરાવો નોંધવામાં આવેલા છે.

(૪) ત્યાર બાદ ફરીયાદ પક્ષ તરકે નીચે મુજબની મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચ મોહનભાઇ લાલાભાઇ તાવીચાડની જુબાની | ૦૬ |
| ૨ | પંચ હિતેશભાઇ રામસીંગભાઇ તાવીચાડની જુબાની | ૦૮ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું | ૦૭ |
| ૨ | અસલ ફરિયાદ | ૦૯ |

(૫) પુરાવાના તબકકે આ કામે ફરીયાદપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે, જેની વિગતે ચર્ચા મુદ્દાના નિર્ણયોના કારણોમાં કરવામાં આવેલ છે. તે બાદ ફરીયાદપક્ષની મૌખિક રજુઆતથી પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૬) ફરીયાદપણે ઉપરોક્ત પુરાવો રજુ થયા બાદ પડેલ પુરાવાના સંદર્ભે બી.એન. એસ.એસ.કલમ–૩૫૧ હેઠળ આરોપીનું વધારાનું નિવેદન રેકર્ક કરવા પાત્ર પુરાવી પડેલ હોઈ, આરોપીનું વધારાનું નિવેદન રેકર્ડ કરેલ છે.

(૭) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય.

**–:: મુદા ::–**

| | | |
|---|---|---|
| ૧ | | શું ફરીયાદપણ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૧/૦૯/૨૦૨૫ ના રોજ કલાક : ૧૩૧૭–૧૫ વાગે મોજે નારીયાની મુવાડી ગામે આ કામના આરોપીએ પ્રોહિ પ્રતિબંધક એરીયામાં વગર વાસ પરમીટે ગેરકાયદેસર રીતે પોતાના ઘરે દેશી દારુ લી.૦૨ કિ.રૂ.૪૦૦/–નો રાખી પોલીસ રેડ દરમીયાન ઘરે હાજર નહી મળી આવી, ગુનો કરેલ છે ? |
| ૨ | | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ આપવામાં આવે છે.

**:: નિર્ણયો ::**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત નિર્ણથી અંગેના કારણો નીચે મુજબ આપવામાં આવે છે.

**– :: કા ર ણો ::–**

**મુદ્દા નં. ૧**

(૧૦) ફરીયાદપક્ષે પંચ સાહેદ મોહનભાઇ લાલાભાઇ તાવીયાડને આંક–૦૬ થી તથા પંચ સાહેદ હિતેશભાઇ રામસીંગભાઇ તાવીયાડનાઓને આંક–૦૮ થી તપાસવામાં આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, પોલીસ ધ્વારા મને બોલાવી લખેલા કાગળમાં સાહી કરવાનું કહેતા મે પંચનામામાં મારી સહી કરેલ. તે સીવાય બીજી કઈ હકીકત હું જાણતો નથી. આ પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોઈ, એ પી પી,શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સૂચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી પુરાવો આ કામે રજુ થયેલ નથી.

(૧૧) આમ, રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવાનું મુલ્યાકન કરતા, આ કામે આક–૦૯ થી ફરીયાદ રજુ કરવામાં આવેલ છે. પરંતુ આ કામના પંચ સાહેદો પંચનામાની હકીકત વિશે કાંઈ જાણતા નથી, જેથી પંચનામુ પુરવાર થયેલ નથી તેમજ ફરીયાદપક્ષે આરોપીના ધરમાંથી દેશી દારૂ મળી આવેલ હોય, તેવું પુરવાર કરવા આરોપીના ઘરની આજુબાજુના રહીશોના નિવેદન લીધેલ નથી કે આરોપીની માલીકી બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી. પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. મુદામાલ કબજે કરવામાં આવેલ તે પંચનામું પુરવાર થતું નથી, જેથી ફરીયાદપક્ષના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી, જેથી ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધની કેશ નિ:શંકપણે

પુરવાર કરેલ ન હોઈ મદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપીને પોહી. એકટની કલમ–૬૫(એ)(એ)ના શિક્ષાપાત્ર ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીન બી. એન. એસ.એસ.ની કલમ ૪૮૧મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે, અગર જો અગાઉના જામીન ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમયગાળા માટે આરોપીના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)ના સધ્ધર જામીન અને જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(3) મુદ્દામાલ દારુનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

(૪) ક્રિમીનલ મેન્યુઅલનાં પેરા ૪૦ તથા મુંબઈ પોલીસ મેન્યુઅલ ૧૯૫૯ નિયમ :– ૨૪૬ મુજબ હુકમનો ટૂંકસાર સંબંધીત પોલીસ સ્ટેશનમાં મોકલી આપવો.

**આ ઠરાવ આજ તા.૨૦,મી માહે જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

**સંજેલી,**
**તા.૨૦/૦૬/૨૦૨૬**

**(ડૉ.તુષાર રણછોડભાઈ ઘોણીયા)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**સંજેલી,**
**કોડ નં.જી.જે.૦૧૫૬૧**